## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આમ તો અમે બીજી પાર્ટી વાળા છીએ... પણ કદાચ અમારામાંથી કૌી પીએમ બને તો બાથરૂમમાં રેઈનકોટ પહેરીને કેવી રીતે નહાવાય તેની પ્રેક્ટીસ માટે રેઈનકોટ લેવા આવ્યો છું...!!**

# ઓનલાઈન હોસ્પિટલ એપોઈન્ટમેન્ટ સેવાનો ૨૬ દિ'માં માત્ર ૫ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૧૦

ઓનલાઈન હોસ્પિટલ એપોઈન્ટમેન્ટ સેવાનો પ્રારંભ સૌ પ્રથમવાર ગાંધીનગર શહેરની હોસ્પિટલ ખાતે શરુ કરવામાં આવ્યો હતો. રાજયના આ પાયલોટ પ્રોજેકટ અંતર્ગત શહેરની હોસ્પિટલમાં ૨૬ દિવસમાં માત્ર ૫ દર્દીઓએ આ સેવાનો લાભ લીધો છે. ત્યારે આરોગ્ય વિભાગના આ પાયલોટ પ્રોજેકટને ગાંધીનગરની હોસ્પિટલમાં નબળો પ્રતિસાદ મળ્યો છે.ત્યારે આ સેવાનો વધુમાં વધુ દર્દીઓને લાભ મળી રહે તે માટે પ્રચાર અને પ્રસારની સેવા પણ અનિવાર્ય બની ગઈ છે.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સતત પ્રજાજનોના સુખાકારી માટે વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવે છે. આરોગ્ય વિભાગની યોજનાઓનો લાભ છેવાડાના માનવીને પણ મળી રહે તે માટે સતત વિભાગના કર્મચારીઓ પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે પ્રધાનમંત્રીના ડીજીટલ ઈન્ડીયાના સપનાને સાકાર કરવા નાગરીકોનું સશકિતકરણ માટે ઓનલાઈન હોસ્પિટલ એપોઈન્ટમેન્ટ સેવાનો પ્રારંભ સૌ પ્રથમવાર પાટનગરની હોસ્પિટલથી કરવામાં આવ્યો હતો. જેમાં દર્દીઓને ફાયદાઓ હતા. જેમાં દર્દીઓને રાહ ના જોવી પડે, લાંબી લાઈનોમાંથી છુટકારો, નિશ્ચિત સેવા મળી રહે તે સહિતનો સમાવેશ થાય છે. ત્યારે આજના જમાનામાં દરેક વ્યકિતના હાથમાં એન્ડ્રોઈડ ફોન હોય છે. આખો દિવસમાં તેમાં મથામણ કરી રહ્યો છે. તેમ છતા હોસ્પિટલની ઓનલાઈન સેવાનો માત્ર પ્રારંભથી અત્યાર સુધીના ૨૬ દિવસમાં માત્રને માત્ર ૫ દર્દીઓએ લાભ લીધો છે. ત્યારે હોસ્પિટલની આ સેવાને તેમજ આરોગ્ય વિભાગના આ પાયલોટ પ્રોજેકટરને ગાંધીનગર હોસ્પિટલમાં નબળો પ્રતિસાદ મળવા પામ્યો છે. ત્યારે આ સેવાનો વધુમાં વધુ નાગરીકો ઉપયોગ કરી શકે તે માટે હોસ્પિટલમાં પ્રચાર અને પ્રસાર સેવા પણ આવશ્યક બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આ સેવાનો વધુ ઉપયોગ નાગરીકો કરે તે માટે તંત્ર એ વિચારવું રહ્યું ....?



ગાંધીનગર જિલ્લામાં બાળક-શિક્ષકની હાજરી તેમજ આયર્નની ટેબ્લેટ વિતરણ અંગે ઓનલાઈન રિપોર્ટ મેળવી શકાય તે માટે બનાવવામાં આવેલ એપનું આજે કેન્દ્રના રાજ્ય કૃષિમંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યુ હતુ. પેપરલેસ એડમીનીસ્ટ્રેશન અને ગુડ ગર્વનન્સ અભિયાનના ભાગરૂપે સર્વશિક્ષા અભિયાન જિલ્લા શિક્ષણ સમિતિના સંકુલમાં રહી તૈયાર કરાયેલ આ એપને લઈ કેન્દ્રીય રાજ્યમંત્રીએ રાજીપો વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે તેમણે ટીમ ગાંધીનગરને અભિનંદન આપ્યા હતા. તસવીરમાં ધારાસભ્ય અશોક પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ સર્વ શિક્ષા અભિયાનના જિગ્નેશભાઈ દવે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી ઈન્ચાર્જ જિલ્લા પ્રા.શિ.અ. સંજયભાઈ પરમાર સહિતના અધિકારીઓ નજરે પડે છે.

# ચિલોડા કંન્ટ્રોલર દ્વારા બસમાં રહી ગયેલો મુસાફરનો થેલો પરત કરતા એસ.ટી. તંત્ર દ્વારા સન્માન કરાયું

ચિલોડા, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલ ચિલોડા ખાતે તાજેતરમાં એક મુસાબર પોતાનો થેલો બસમાં ભુલીને નીચે ઉતરી ગયો હતો. થેલામાં અગત્યનો સામાન હોવાથી મુસાફર ચિંતિત બન્યો હતો.

ચિલોડા એસટીના કંન્ટ્રોલર રાજદીપસિંહ રાઠોડને વાત કરતા



તેઓએ બે ચાર ફોન જે તે ડેપોમાં કરીને ટેલીફોનીક સંપર્ક સાધીને થેલો મુસાફરને પરત અપાયો હતો.

રાજદીપસિંહની પ્રસંશનીય કામગીરીની નોંધ એસટીના વિભાગીય નિયામક એ.કે. પરમારે લીધી હતી. રાજદીપસિંહની કાર્યનિષ્ઠાની કદર કરીને દહેગામ ડેપો ખાતે તેમને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડેપો મેનેજર જાગૃતિબેન રબારી, ટી.આઈ. ઈલિયાસભાઈ, ટી.સી. રસુલભાઈ, કેશીયર વિજયભાઈ, જે.એ.ઝાલા, હર્ષદભાઈ, ભરતભાઈ કલાર્ક સહિત કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# નિફ્ટના "સ્પેક્ટ્રમ-૨૦૧૭"નો ધમાકેદાર પ્રારંભ

## "ધ કાર્નિવલ ઓફ હિપ્પિઝ" થીમ આધારિત ઉજવણી : ફેશન શૉ તથા "ધ ઈડીએમ નાઈટ" આકર્ષણનું કેન્દ્ર : અનેક સંસ્થાઓના સ્પર્ધકો સામેલ થયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી-નિફ્ટ કોલેજ ખાતે વાર્ષિકોત્સવ "સ્પેક્ટ્રમ-૨૦૧૭"નો આજથી ધમાકેદાર પ્રારંભ થયો છે. સ્પેક્ટ્રમ-૨૦૧૭ "ધ કાર્નિવલ ઓફ હિપ્પિઝ" થીમ આધારિત ઉજવાઈ રહ્યો છે. આ વાર્ષિકોત્સવમાં નિફ્ટ સિવાય અન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓ પણ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યાં છે. સ્પેકટ્રમ ૨૦૧૭નું આવતીકાલે સમાપન થશે.

સ્પેકટ્રમ-૨૦૧૭માં ક્વીઝ, ડિબેટ, ફન-ગેમ્સ, સ્ટ્રીટ પ્લે, ડાન્સ ટુ ધ બેટલ ઓફ બેન્ડઝ, સહિત વિવિધ આર્ટ, મ્યુઝિક તથા સ્પોર્ટસ આધારિત સ્પર્ધાઓનો સમાવેશ કરાયો છે. સ્પેકટ્રમમાં "ફેશન શૉ"નું આયોજન મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનેલ છે તથા આ પ્રસંગે યોજાનાર "ધ ઈડીએમ નાઈટ" અંગે પણ ભારે ઉત્સુકતાનો માહોલ સર્જાયો છે.

સ્પેકટ્રમ-૨૦૧૭ના પ્રથમ દિવસે સાડી ડ્રેપીંગ, કૂકીંગ, ક્વીઝ, સૉલો ડાન્સ, ડ્યુએટ ડાન્સ જેવી ઈવેન્ટ ઉપરાંત રાત્રે ફેશન શૉ યોજાયો હતો. આવતીકાલે સ્પેકટ્રમમાં બાસ્કેટ બૉલ, કેરમ, વૉલીબોલ જેવી રમતો ઉપરાંત અન્ય કલ્ચરલ કોમ્પિટીશન તથા અંતે "ધ ઈડીએમ નાઈટ" યોજાશે. સ્પેકટ્રમ-૨૦૧૭ના નિફ્ટના મોટાભાગના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ કાર્યક્રમને વધુ રોચક બનાવી રહ્યાં છે.



# શહેરમાં અઠવાડીયામાં ઢોર પકડ પાર્ટીના બે કર્મચારીઓને ઈજા

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ અતિશય વધી જવા પામ્યો છે. નગરના માર્ગો પર ગમે ત્યારે માર્ગ વચાળે આવી જતા ઢોર અકસ્મત નોંતરે છે.મહાનગર પાલિકા દ્વારા સ્પેશ્યલ ઢોર પકડવા માટે કર્મચારીઓ રાખવામાં આવ્યા છે. ત્યારે છેલ્લા અઠવાડીયામાં શહેરમાં ફરીફરીને ઢોર પકડવાની કામગીરી કરતા બે કર્મચારીઓને તાજેતરમાં ઈજા પહોંચી છે. જેમાં એક બનાવ સેકટર ૭ અને બીજો બનાવ સેકટર-૩૦ માં નોંધાયો હતો. ત્યારે મનપા દ્વારા ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓને સેફટી આપવી અનિવાર્ય બની હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોર નાગરીકો અને તંત્ર માટે માથાના દુખાવા સમાન બની ગયા છે. સ્વચ્છ અને સુંદર ગાંધીનગર ઢોરવાડાને પગલે ગંદકીથી ખદબદતું નગર બની ગયું છે. શહેરના માર્ગો પર રખડતા ઢોરને પગલે બે પૈડા પરની જીંદગી જોખમાઈ રહી છે. તાજેતરમાં દહેગામ ખાતે એક આંખલાએ મહીલાને ઢીંક મારતા ગંભીર ઈજાને પગલે મહિલાનું મૃત્યું નીપજયુ હતું. ત્યારે મનપા દ્વારા પણ રખડતા ઢોરને પકડવા માટે ખાસ ટીમ તૈયાર કરી છે. જેને અનુલક્ષીને આ ટીમ સેકટરોમાં ફરીફરીને બેફામ ઢોરને કાબુમાં કરીને પાંજરે પુરી દે છે. ત્યારે આ ટીમને કોઈપણ જાતના સેફટીના સાધનો ન હોવાથી રખડતા ઢોરને કાબુમા કરવા જતા ખીજાયેલા ઢોરે કર્મચારીને ઈજા પહોંચાડવાના બે બનાવ તાજેતરમાં બન્યા છે. જેમાં પ્રથમ બનાવ સેકટર-૩૦ ખાતે આંખલાને પકડવા જતા ખીજાયેલા આંખલાએ કર્મચારી પર હુમલો કરતા તેને માંથામાં ઈજા પહોંચતા ૧૨ ટાંકા આવ્યા છે. જયારે સે-૭માં કર્મચારીને ઢોરે ઢીંક મારતા મોંઢામાં રહેલા ૪ દાંત પડી ગયા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ત્યારે આ પાર્ટીના કર્મચારીઓ પણ રખડતા ઢોરને જોઈને ડર અનુભવી રહ્યા છે.આ કર્મચારીઓની સુરક્ષા સામે પણ સવાલ ઉભા થવા પામ્યા છે. મનપા દ્વારા ઢોર પાર્ટીના કર્મચારીઓને સેફટીના સાધનો આપવામાં આવે તે અનિવાર્ય બની ગયું છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

રાજ્ય સરકારનું અભૂતપૂર્વ પગલું

રાજ્યવ્યાપી મેગા જોબફેર

(તા.૧૧.૨.૨૦૧૭ થી ૧૭.૨.૨૦૧૭)



યુવાવર્ગની પડખે સરકાર

- યુવાનોને રોજગારીની વિપુલ તકો પૂરી પાડવામાં ૧૫ વર્ષથી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ
- ભારત સરકારના અહેવાલ મુજબ દેશના મોટા રાજ્યોમાં બેરોજગારીનો સૌથી નીચો દર ગુજરાતમાં
- વર્ષ-૨૦૧૭માં રાજ્યના ૬૭,૦૦૦ યુવાનોને સરકારી નોકરીમાં ભરતી કરવાનું સમયબદ્ધ આયોજન
- ૨૦ લાખથી વધુ નાના-લઘુ-મધ્યમ ઉદ્યોગોમાં ૧.૫૦ કરોડથી વધુ યુવાનોને રોજગારીનો અવસર
- ૮૫ ટકાથી વધુ સ્થાનિક લોકોને ઔદ્યોગિક એકમોમાં રોજગારી પૂરી પાડવા સરકાર કટિબદ્ધ
- ગુજરાતના યુવાવર્ગના નવતર વિચારોને સાકાર બનાવવા ગુજરાત સ્ટાર્ટઅપ મિશનની રચના
- એક જ અઠવાડિયામાં ભરતીમેળાઓના માધ્યમથી આશરે ૫૦ હજારથી વધુ યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તેવું આયોજન

ભરતીમેળાનો કાર્યક્રમ

| તારીખ | ભરતીમેળાનું સ્થળ | સમાવિષ્ટ જિલ્લા |
|---|---|---|
| ૧૧-૨-૨૦૧૭ | કન્વેન્શન હોલ સરસાણા, સુરત | સુરત, તાપી |
| | એમ.જી.સાયન્સ કોલેજ, અમદાવાદ | અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી |
| ૧૩-૨-૨૦૧૭ | આશાધામ સ્કૂલ, વાપી | વલસાડ, ડાંગ, નવસારી |
| | એલ.સી.આઈ.ટી.ભાંડુ | મહેસાણા, બનાસકાંઠા, પાટણ |
| | એલ.ઈ.કોલેજ, મોરબી | મોરબી, સુરેન્દ્રનગર |
| ૧૫-૨-૨૦૧૭ | ઓસવાલ સેન્ટર, જામનગર | જામનગર, દેવભૂમિ દ્વારકા |
| ૧૬-૨-૨૦૧૭ | જી.એન.એફ.સી, સ્ટેડિયમ, ભરૂચ | ભરૂચ, નર્મદા |
| | આઈ.ટી.આઈ.તરસાલી, વડોદરા | વડોદરા, છોટાઉદેપુર, આણંદ |
| | આઈ.ટી.આઈ.ગાંધીધામ | કચ્છ-ભૂજ |
| ૧૭-૨-૨૦૧૭ | પી.ટી.આર્ટ્સ-સાયન્સ કોલેજ, ગોધરા | પંચમહાલ, દાહોદ, મહીસાગર, ખેડા |
| | શેઠ શામળદાસ કોલેજ, ભાવનગર | ભાવનગર, બોટાદ |
| | સૌરાષ્ટ્ર યુનિ. ગ્રાઉન્ડ, રાજકોટ | રાજકોટ, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, ગિરસોમનાથ |



સ્કીલ ઈન્ડિયા...

શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રીશ્રી, ભારત સરકાર

સ્કીલ ગુજરાત...



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય